# ઈતિહાસના ઝરૂખેથી ભાવનગર

– ડો. પી.જી.કોરાટ

ગુજરાત રાજ્ય સ્થાપના દિન, તા. ૧ મે, ૨૦૦૫ની રાજ્ય કક્ષાની ઉજવણી આ વર્ષે ભાવનગર ખાતે થઈ રહી છે. ત્યારે 'ઈતિહાસના ઝરૂખેથી ભાવનગર'નું અવલોકન રસપ્રદ અને રોમાંચક બની રહેશે. અહીં તેને ઉજાગર કરવાનો એક નાનકડો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ભારત વર્ષના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસમાં આપણા સૌરાષ્ટ્ર પ્રદેશનું સ્થાન વિશિષ્ટ ભાતનું અંકાયું છે.''ભારત વર્ષના ઈતિહાસની લઘુઆવૃત્તિ તે જ આ સૌરાષ્ટ્રનો ઈતિહાસ'' - એવું કેપ્ટન વિલબર ફોર્સ બેલનું ઈતિહાસ દોહન છે. અદકેરું ઐતિહાસિક મહત્વ ધરાવતા સોરાષ્ટ્રના સંદર્ભમાં એક પ્રાચીન ઉક્તિ છે :

સૌરાષ્ટ્રે પંચ રત્નાનિ નદી, નારી, તુરંગમ:
ચતુર્થ સોમનાથશ્ચ, પંચમ્ શ્રી હરિ દર્શનમ્ ॥

અર્થાત્ નદી, નારી, અશ્વ, સોમનાથ અને હરીદર્શન (દ્વારકા)- એ પાંચને સૌરાષ્ટ્ર પ્રદેશના રત્નરૂપ ગણવામાં આવ્યા છે. ઉપર્યુક્ત ઉક્તિના રચનાકાળે ભાવનગર શહેર અસ્તિત્વમાં ન હતું. આજે જો સૌરાષ્ટ્રના અર્વાચીન યુગના રત્નોને ગણવાનો અનેરો અવસર આવે તો તેમાં ભાવનગરનો એક નગરરત્ન તરીકે સમાવેશ કરાવો ઘટે. સૌરાષ્ટ્રના પાંચ રત્નોમાં વહ્ય નગરરત્ન તરીકે ભાવનગર માત્ર સૌરાષ્ટ્ર કે ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતવર્ષની તવારીખમાં સુવર્ણ રેખાથી અંકિત થાય તેવી ભવ્ય અને યશસ્વી ગૌરવગાથા આ નગરની છે. અલબત, આજે જનસંખ્યા, વિકાસ અને કેટલીક મહત્વ પૂર્ણ ભૌતિક સુવિધાઓ કે સવલતોની દ્રષ્ટિએ ભાવનગર સૌરાષ્ટ્રનું સૌથી મોટું શહેર નથી કે ગુજરાતમાં અમદાવાદ, સુરત, કે વડોદરા પછીનું, સૌથી મોટુ નગર પણ નથી. પરંતુ આઝાદી પૂર્વે આ બંને સ્થાન આ શહેરના રહ્યા હતા. કાઠિયાવાડ પ્રાતમાં ભાવનગર પૂર્વ દિશામાં છે. સૂર્ય પૂર્વ દિશામાં ઉગે છે તેમ, મોટા ભાગના સુધારાઓ અને વિકાસના કાર્યોનો ઉદય પ્રથમ ભાવનગરથી જ થયો છે. હિંદના પદ્દર જેટલા દેશી રજવાડાઓમાં મૈસૂર, ત્રાવણકોર અને વડોદરા જેવાં પ્રગતિશીલ અને સંસ્કારકેન્દ્ર રાજ્યો સાથે ભાવનગરની ગણના થતી હતી. આ બાબત નાની-સૂની ન હતી. સૌરાષ્ટ્રના જ નહીં બલ્કે ગુજરાતના સંસ્કારપ્રિય નગરોમાં સૌથી પહેલું નામ ભાવનગરનું લેવું પડે તેવું હતું. આજે ૨૧મી સદીના પ્રારંભકામે પણ કેટલીક બાબતોમાં ભાવનગરે આ વારસો જાળવી રાખ્યો છે.









ભાવનગર શહેર સૌરાષ્ટ્ર દ્વિપકલ્પમાં ખંભાતના અખાતની પશ્ચિમ દિશાએ આવેલું છે. છ એક લાખ જેટલી વસતી ધરાવતું ભાવનગર શહેર ૧૧૦૦૬ ચોરસ કિલોમીટર વિસ્તાર ધરાવે છે. આ શહેર દરિયા કિનારે વસેલું હોવાથી મધ્યમ પ્રકારનું બારમાસી બંદર છે. તેની આબોહવા દરિયાઇ ખુશનુમા છે. ભાવનગર શહેરમાં જાન્યુઆરી મહિનામાં થર્મોમીટરનો પારો ઓછામાં ઓછો ૫૨ ફે. (૧૧.૧ સેન્ટી ગ્રેડ) અને વધુમાં વધુ મે માસમાં ૧૦૭ ફે. (૪૧.૬ સેન્ટીગ્રેડ) બતાવે છે. ભાવનગર શહેરમાં સામાન્યત: વરસાદ ઈશાન ખૂણામાંથી વરસે છે. જે સરેરાશ ૫૦૦ મીલીમિટરથી ૭૫૦ મીલીમિટર હોય છે.





પ્રત્યેક રાષ્ટ્ર, રાષ્ટ્રના અંગરૂપ પ્રદેશ વિશેષ કે નગરને પોતાના શીલ, સંસ્કાર, શિક્ષણ અને સંસ્કૃતિની આગવી પરંપરા હોય છે. જે પોષાતી રહે, તેનું સંવર્ધન થાય, તેને કેન્દ્રમાં રાખી નવા ઉન્મેષ વ્યકત થતા રહે તેવી એષણા તેની પ્રજા સેવતી હોય છે. સૌરાષ્ટ્ર ગુજરાતની અર્વાચિન સંસ્કારિતાનો અર્ક ભાવનગરમાં દ્રષ્ટિગોચર થાય છે. એ દ્વારા જ સૌરાષ્ટ્ર- ગુજરાતના ઈતિહાસમાં ભાવનગરે વિશિષ્ટ પ્રકારનું સ્થાન અંકિત કર્યુ છે. ભાવનગરની વશિષ્ટતા તેની ભાવુકતા અને સંસ્કારિતામાં રહેલી છે. ગુજરાતની ઉજ્જવળ સંસ્કાર-પરંપરામાં તેનું પ્રદાન હંમેશા ઉલ્લેખનીય રહ્યું છે, એ જ રીતે જાહેર પ્રવૃતિના ક્ષેત્રે હંમેશાં પહેલ કરનાર આ ભાવનગર શહેર જાહેર પ્રવૃત્તિના એક તીર્થધામ સમાજ રહ્યું છે. ભાવનગર શહેરની એ એક આગવી અને વિશિષ્ટ પરંપરા રહી છે કે 'અન્યને માટે કશું જ જતું કરવું' આઝાદી પછી હિંદના ૫૬૨ જેટલા દેશી રાજ્યોનું સીમાલોપન કરી, અખિલ હિંદને એક રાષ્ટ્ર તરીકે જોવાના સ્વપ્નને સાકાર કરવાના સરદાર વલ્લભભાઈ પટેલના મહાયજ્ઞમાં, ભાવનગરના પ્રાત: સ્મરણીય મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ ૧૫ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ પોતાની સઘળી સંપત્તિ સાથેનું રાજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ચરણોમાં ધરી દઈને પ્રથમ પુનિત આહુતિ આપી. આવા દીર્ઘદ્રષ્ટા, પ્રજાવત્સલ અને વિશાળ રાષ્ટ્રહિત ભાવના ધરાવનારા કેટલા રાજા-મહારાજાઓ સમગ્ર હિંદમાં હતા ? સમયોચિત રાષ્ટ્ર-કર્તવ્ય-પાલનથી ભાવનગરના આ મહારાજાનું નામ નૂતન ભારતના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાયેલું છે.







મહારાજા ભાવસિંહજી - પહેલા (ઈ.સ. ૧૭૦૩-૧૭૬૪) એ ઈતિહાસ પ્રસિદ્ધિ એવી પ્રાચીન સિહોર નગરીનો ગોહિલ વંશની રાજધાની તરીકે ત્યાગ કરીને તેની ઉગમણી દિશાએ આશરે ૨૩ કિલો મીટીરના અંતરે, ખંભાતની દરિયાઈ ખાડીના મુખ પાસે આવેલા 'વડવા' નામના નાનકડા ગામે સ્થળાંતર કર્યું. વડવા ગામ પાસે ખાડીનો લાભ તેમજ સુંદર અને ઉપયોગી જગ્યા લક્ષમાં રાખીને ભાવસિંહજી પહેલાએ અહીં મેદાનમાં શહેર વસાવવાનો નિર્ણય કર્યો. વડવા ગામના મહાજને ભાવસિંહજીની ઈચ્છાને વધાવી લીધી. મુહૂર્ત લેવાયા બાદ આજથી ૨૮૨ વર્ષ પહેલા એટલે કે સંવત ૧૭૭૯ના વૈશાખ સુખ ત્રીજ(અક્ષય તૃતીયા)ને સોમવારના રોજ(ઈ.સ.૧૭૨૩) ચાર ઘડી દિવસ ચઢતાં સમુદ્ર તટે ભાવનગર શહેરનો પાયો નાખવામાં આવ્યો. આમ જેમ અણહિલપુર પાટણ સરસ્વતી





નદીના તીરે પ્રાચીન લાખારાજાના સ્થાન પર, અમદાવાદ સાબરમતીના તીરે, પ્રાચીન આશાપલ્લી આસાવલની બાજુમાં વસાવવામાં આવ્યું હતું., તેમ, ભાવનગર શહેર દરિયાઇ ખાડીના મુખ પાસે આવેલા વડવા નામના નાનકડા ગામ પાસે વસાવવામાં આવ્યું હતું. આ નવા વસાવાયેલા શહેરને ભાવસિંહજી, પહેલાએ પોતાના નામ ઉપરથી ‘ભાવનગર’ એવું નામ આપ્યું. જેનો ભાવાર્થ ‘ભાવ’ એટલે પ્રીતિ- માયા અને ‘નગર’ એટલે શહેર એટલે કે ‘પ્રેમમય નગર’ એવો થાય છે. તેનું લાડીલું નામ ‘ભાવેણું’ છે.

ભાવનગર શહેરની સ્થાપના સાથે જ ગોહિલકુળનો અને ભાવનગર રાજ્યની જાહોજલાલીનો એક નવો જયુગ શરૂ થયો. ભાવનગર રાજ્યના ગોહિલકુલના રાજવીઓ ઠાકોર ભાવસિંહજી પહેલા (ઈ.સ. ૧૭૦૩-૧૭૬૪), ઠાકોર વખતસિંહજી (ઈ.સ. ૧૭૭૨ થી ૧૮૧૬), ઠાકોર વિજયસિંહજી (ઈ.સ. ૧૮૧૬ થી ૧૮૫૨), મહારાજા જસવંતસિંહજી (ઈ.સ.૧૮૫૪-૧૮૭૦), મહારાજા તખ્તસિંહજી (ઈ.સ. ૧૮૭૮-૧૮૯૬), મહારાજા ભાવસિંહજી બીજા (ઈ.સ. ૧૮૯૬-૧૯૧૯) અને મહારાજા કૃષ્ણસિંહજી ( ઈ.સ.૧૯૩૧ થી ૧૯૪૭) તેમજ પ્રતિભાસંપન્ન દીવાનો શ્રી પરમાણંદદાસ રણછોડદાસ મહેતા (ઈ.સ. ૧૮૨૮-૧૮૪૭) શ્રી ગૌરીશંકર ઉદયશંકર ઓઝા : ગગા ઓઝા: (ઈ.સ. ૧૮૪૭ થી ૧૮૭૯) શ્રી શામળદાસ પરમાણંદદાસ મહેતા (ઈ.સ. ૧૮૭૯ થી ૧૮૮૭) અને સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી (ઈ.સ. ૧૯૦૨ થી ૧૯૧૨) વગેરેની રાજકીય કુનેહ, લોકાભિમુખ વહીવટ, પ્રજાવત્સતા, જ્ઞાન, શીલ, સંસ્કારશીલતા, ધર્માનુરાગ, અનેરું વ્યક્તિત્વ ચાણક્ય નીતિ અને સુધારાવાદી દ્રષ્ટિકોણ વગેરેને કારણે તેની પ્રજાની સર્વાંગી ઉન્નતિ અને વિકાસ તેમજ સર્વતોમુખી ઉત્થાનમાં નોંધપાત્ર પ્રભાવ પાડ્યો હતો. જેમાંથી સંસ્કાર ધામ તરીકે પ્રખ્યાત બનેલા આજના ‘ભાવેણાં’નું નિર્માણ થયું. ઉદારચરિત રાજવીઓ અને વિલક્ષણ અમાત્ય-દીવાન પરંપરાએ શરૂ કરેલું આ કાર્ય સમય જતાં અનેક દિશામાં અને અનેક સ્વરૂપે ફૂલ્યું, ફાલ્યું અને પાંગર્યું. હિંદના કુલ ૫૬૨ અને સૌરાષ્ટ્રના કુલ ૨૨૨ દેશી રજવાડાઓમાં ભાવનગરનું રાજ્ય વર્ગના રાજ્યોમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતું હતું. કેટલીય કલ્યાણકારી યોજનાઓ અને પ્રવૃતિઓનો પ્રારંભ કરનાર ભાવનગર રાજ્ય હતું જળાશય, રેલવે, કોલેજ, શહેર સુધરાઇ, દારુબંધી, સિંચાઇ યોજના, વૃક્ષારોપણ, પ્રૌઢ શિક્ષણ, સહકારી પ્રવૃત્તિ, ખેડૂત ઋણમુક્તિ, બેન્કીંગ પ્રથા, દુષ્કાળ સંકટ નિવારણ ફંડ, દરબારી ગેઝેટ, પ્રજા-પ્રતિનિધિ સભા, કાપડમીલ અદ્યતન દવાખાનું અને દેશી રાજ્યોના વિલિનીકરણમાં પ્રથમ પુનિત આહુતિ આ બધાનો સમાવેશ થાય છે.

ભાવનગરની આ ઉજ્જવળ પરંપરાના ઘડતરમાં તેના ઉદારચરિત ગોહિલ કુળના રાજવીઓ, બુદ્ધિશાળી, વિલક્ષણ નાગર દીવાનો, મહાજનોના અગ્રણીઓ, નગરશેઠો અને ગામડાના પ્રતિભાશાળી પટેલિયાઓએ મહામૂલો ફાળો આપ્યો હતો. આ બધાના સહિયારા પ્રયાસોથી જ જાહેર જીવનની એક આગવી, વિશિષ્ટ અને સુંદર પ્રણાલિકા આ પ્રદેશમાં પહેલથી જ ઉભી થઇ હતી.















આજે જ્યારે એક પછી એક પેઢી વિદાય લેતી જાય છે, કરાળકાળના વહેલા પ્રવાહમાં સ્મૃતિઓ નામશેષ થતી જાય છે, અનેકવિધ આહ્‌વાનો, પડકારો, વિટંબણાઓ અને સંકુચિત સ્વાર્થની મનોદશા અને અંધકારમાં માનવી પોતાના અતીતને ભૂલતો જાય છે, ત્યારે ‘ભાવેણાં’નો જલ્યમાન અને ગૌરવવંતો ભૂતકાળ નજર સમક્ષ ખડો થાય છે.

‘‘રાજ્યો ભલે ભુજાબળથી રચી શકાતા હશે, પણ એ ટકે છે તો સદ્‌ગુણોથી’’ આ સુત્રને ભાવેણાંના ભૂતપૂર્વ નરેશો અને આમાત્યોએ યથાર્થ રીતે સાર્થક કરી બતાવ્યું હતું.













